- ✓ UGC - યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન.
- ✓ વિધાર્થી કોઇ પણ યુનિવર્સિટીમાંથી એક જ સમયે બે અલગ અલગ વિષય સાથે સ્નાતક પદવી આ નિયમ અંતર્ગત મેળવી શકશે.
- ✓ પરંતુ શિક્ષણ મેળવવા માટે જે તે કોલેજ/સંસ્થાનો સમય અલગ હોવો જોઈએ.
- ✓ વિધાર્થી આ નિયમથી કોઇ એક ડિગ્રી કોલેજ/સંસ્થામાં 100% હાજરી સાથે તથા અન્ય બીજી ડિગ્રી ડિસ્ટન્સ લર્નિંગનાં માધ્યમથી પણ મેળવી શકશે.

### ❖ કુષ્ઠ રોગો માટે આંતરરાષ્ટ્રીય ગાંધી પુરસ્કાર-2021

- ✓ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ નવી દિલ્હી ખાતે ચંદીગઢના ડો. ભૂષણકુમાર અને ગુજરાતના સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટને આ પુરસ્કાર આપ્યો.
- ✓ આ પુરસ્કાર ગાંધી મેમોરિયલ લેપ્રોસી ફાઉન્ડેશન દ્વારા અપાય છે.
- ✓ પુરસ્કાર મેળવનાર બંને કુષ્ઠ રોગ સંબંધિત જાગૃતિ લાવવાનું તથા તેના દર્દીઓની સારવારનું કામ કરે છે.

### ❖ 15 એપ્રિલ: World Art Day (વિશ્વ કલા દિવસ)

- ✓ મહાન કલાકાર લિયોનાર્દો દ વિંચીના જન્મદિવસને 2012થી યુનેસ્કો દ્વારા વિશ્વ કલા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- ✓ વિંચીનાં 'ધ લાસ્ટ સપર' અને 'મોનાલિસા' ચિત્રો વિશ્વ વિખ્યાત છે.
- ✓ આ દિવસ ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ આર્ટ દ્વારા અપનાવાયો હતો જેનો ઉદ્દેશ્ય કલા ક્ષેત્રના વિકાસ અને પ્રસારનો હતો.

### ❖ 15 એપ્રિલ: હિમાચલ પ્રદેશ દિવસ

- ✓ 15 એપ્રિલ, 1948ના રોજ હિમાચલ પ્રદેશને કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે જાહેર કરવામાં આવ્યું.
- ✓ 1951માં હિમાચલ પ્રદેશને ભારતના બંધારણ મુજબ 'C' રાજ્ય તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હતું.
- ✓ હાલના હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી -જય રામ ઠાકુર.
- ✓ હાલના હિમાચલ પ્રદેશના રાજ્યપાલ-રાજેન્દ્ર આર્લેકર.

- ✓ મિસરે ભારતમાંથી 1 મિલિયન ઘઉંની આયાતને મંજૂરી આપી.
- ✓ દર વર્ષે ઈસા મસીહની યાદમાં એપ્રિલ માસમાં ગુડ ફ્રાઈડે ઉજવાય છે, જે 2022માં 15 એપ્રિલના રોજ ઉજવાયો.
- ✓ પેટીએમ પ્રધાનમંત્રી સંગ્રહાલય, દિલ્લી ખાતે ટિકીટ ખરીદી માટે ઓનલાઈન સુવિધા આપનાર અધિકૃત એપ બની.
- ✓ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્બોઈએ ડો. બી. આર. આંબેડકર પુરસ્કાર એનાયત કર્યાં તથા SC અને ST સમુદાયો માટે 75 યુનિટ વીજળી મફત આપવાની જાહેરાત કરી.
- ✓ ઇન્ડિયા પ્લસ એન્ડ ગ્રેન્સ એસોસિએશન (IPGA)ના અધ્યક્ષ તરીકે બિમલ કોઠારીની નિયુક્તિ.
- ✓ બોલીવુંદ સેલિબ્રિટીઝ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ તાજેતરમાં લગ્નગ્રંથિથી જોડાયાં.

## 16 એપ્રિલ

### ❖ ભારત 2023માં સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વિશ્વ કપની મેજબાની કરશે

- ✓ સ્ટ્રીટ ચાઈલ્ડ યુનાઈટેડ અને સેવ ધ ચિલ્ડ્રન ઇન્ડિયા દ્વારા આયોજિત સ્ટ્રીટ ચાઈલ્ડ વિશ્વકપમાં 16 દેશોની 22 ટીમો ભાગ લેશે. જેમાં ભારત મેજબાન રહેશે.
- ✓ વર્ષ 2019માં આ ચેમ્પિયનશિપ લંડનમાં આયોજિત થઇ હતી. જેમાં આઠ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભારતે મેજબાન ઇંગ્લેંડને હરાવીને જીત મેળવી હતી.

### ❖ 2023 પુરુષ હોકી વિશ્વ કપના લોગોનું અનાવરણ

- ✓ ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ભુવનેશ્વરના કલિંગ સ્ટેડિયમ ખાતે આ લોગોનું આનાવરણ કર્યું.
- ✓ 2023માં આ મેચનું ભુવનેશ્વર અને રાઉરકેલા ખાતે આયોજન થશે. જ્યારે 2024માં આ આયોજન ઓમાન ખાતે થશે.
- ✓ FIH (Federation International De Hocky)નું મુખ્યાલય લુસાને, સ્વિટ્ઝરલૅન્ડ ખાતે છે, જેના અધ્યક્ષ ડો. નરિંદર ધ્રુવ બત્રા છે.

### ❖ 'ધ બોય હુ રોટ અ કોન્સ્ટિટ્યુશન' પુસ્તકનું વિમોચન

- ✓ 14 એપ્રિલના રોજ ડો. આંબેડકરની 131મી જયંતીના અવસર પર આ પુસ્તક લોન્ચ કરાયું.
- ✓ આ પુસ્તક ડો. આંબેડકરના સંઘર્ષપૂર્ણ બાળપણથી યુવાની સુધીની બાબતોનું વર્ણન કરે છે.
- ✓ પુસ્તકના લેખક :- રાજેશ તલવાર.

- ✓ પુસ્તકના પ્રકાશક:- પોનીટેલ બુક્સ.

### ❖ 16 એપ્રિલ: World Voice Day (વિશ્વ અવાજ દિવસ)

- ✓ દર વર્ષે 16 એપ્રિલના રોજ વિશ્વ અવાજ દિવસ લોકોના દૈનિક જીવનમાં અવાજના મહત્વને પ્રદર્શિત કરવા માટે મનાવાય છે.
- ✓ ઇ.સ. 1999માં ડો. નેડીયો સ્ટીફની અધ્યક્ષતામાં બ્રાઝિલિયન સોસાયટી ઓફ લેરીંગોલોજી એન્ડ વોઈસે પ્રથમ વાર 16 એપ્રિલના રોજ બ્રાઝિલિયન વોઇસ ડેની ઉજવણી કરી હતી.
- ✓ વર્ષ 2022ની થીમ - પોતાનો અવાજ ઉઠાવો (Raise your voice).

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના કેબિનેટ મંત્રી પ્રદીપ પરમારે કરેલ જાહેરાત મુજબ હવેથી તમામ જાતિ-સમાજોને સરકારી લાભો મેળવવા માટે તમામ યોજનામાં એક સમાન વાર્ષિક રૂ 6 લાખ આવક મર્યાદાનું ધોરણ લાગુ પડશે. જે અત્યાર સુધી માત્ર બિનઅનામત વર્ગ માટે જ લાગુ પડતું હતું.
- ✓ વડાપ્રધાનની માહિતી સાથેના મ્યુઝિયમનું નરેન્દ્ર મોદી દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું, જેનું સૂચિત નામ 'જવાહરલાલ નહેરુ મ્યુઝિયમ' હતું. પરંતુ હવેથી તે 'વડાપ્રધાન મ્યુઝિયમ' તરીકે ઓળખાશે.
- ✓ બર્લિનના પ્રાણી સંગ્રહાલયમાં વિશ્વના સૌથી વૃદ્ધ ગોરિલા ફાટોઉના 65મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઇ.સ. 1999ના કંધહાર અપહરણ સમયે બંધકોના બદલે મુક્ત કરાયેલા મુશ્તાક અહમદ જરગરને UAPA હેઠળ આતંકી જાહેર કરાયો. તે અલકાયદા અને જૈશ-એ-મોહમ્મદ સાથે સાંઠગાંઠ ધરાવે છે તથા અલ-ઉમર-મુજાહીદીનનો સ્થાપક છે.

## 17 એપ્રિલ

### ❖ 41મી મહાજન સ્મારક હોકી સ્પર્ધા

- ✓ બેટ દ્વારકાના ઓખા ખાતે ગુજરાત સરકારના રમત ગમત વિભાગ, ગાંધીનગર દ્વારા 41મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધાનું આયોજન વર્ષ 2022માં કરાયું.
- ✓ આ સ્પર્ધામાં દરિયામાં 40 કિ.મી.નું અંતર ખેડવા માટે 22 જેટલી શઢવાળી હોડીઓ સાથે 99 જેટલા યુવાનોએ ભાગ લીધો હતો.

Crack GPSC

- ✓ આ સ્પર્ધામાં અલ સંજરી નામની બોટ અને તેના ટંડેલ આમદ બંદરીએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

**❖ 183 દિવસ બાદ ચીની અંતરીક્ષયાત્રીઓ પૃથ્વી પર પરત ફર્યા**

- ✓ અંતરિક્ષ સ્ટેશનના નિર્માણ માટે મોકલવામાં આવેલ ટીમ 6 માસ બાદ પૃથ્વી પર પરત આવી.
- ✓ કોઈ મિશન પર ચીની અંતરિક્ષ યાત્રીઓનો આ સૌથી લાંબો પ્રવાસ ગણાય છે.
- ✓ શેનઝોઉ-13 માનવયુક્ત અંતરિક્ષ યાનમાં પરત આવેલા અંતરીક્ષ યાત્રીઓમાં ઝાઇ ઝિગાંગ, વાંગ યાપિંગ અને યે ગુઆંગફુનો સમાવેશ થાય છે.

**❖ ગુજરાતમાં ભગવાન હનુમાનની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ**

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરબી ખાતે આ પ્રતિમાનું અનાવરણ કર્યું છે.
- ✓ આ પ્રતિમા 'હનુમાનજી ચાર ધામ' પરિયોજના અંતર્ગત દેશની ચાર દિશાઓમાં બની રહેલી મૂર્તિઓમાં બીજી છે.
- ✓ આ પ્રકારની પ્રથમ મૂર્તિ હિમાચલ પ્રદેશના શિમલામાં 2010માં સ્થાપિત કરાઈ હતી. હવે ત્રીજી મૂર્તિ રામેશ્વરમાં સ્થાપિત કરાશે.

**❖ કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ**

- ✓ આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના બોટાદ જિલ્લાના સાળંગપુર મંદિર ખાતે કષ્ટભંજન દેવ મંદિર પરિસરમાં હનુમાનજીની 54 ફૂટ ઊંચી વિરાટ મૂર્તિ સ્થાપિત કરાશે.
- ✓ 30 હજાર કિલો વજનની પંચધાતુની આ મૂર્તિ હરિયાણાના ગુરુગ્રામમાં બની રહી છે.
- ✓ આ પ્રોજેક્ટને 'કિંગ ઓફ સાળંગપુર' નામ શાસ્ત્રી હરિપ્રકાશદાસ સ્વામીએ આપ્યું છે.
- ✓ પ્રતિમાની ફરતે 754 ફૂટનો પરિક્રમા માર્ગ આવેલો હશે.
- ✓ આ મૂર્તિ મૂળ રાજસ્થાનના 'નરેશભાઈ કુમાવત' દ્વારા બનાવવામાં આવશે.

**❖ હુન્નર હાટની 40મી આવૃત્તિ મુંબઈ ખાતે**

- ✓ કેન્દ્રીય અલ્પસંખ્યક બાબતના મંત્રાલય દ્વારા આયોજિત આ હુન્નર હાટનો ઉદ્દેશ્ય દેશભરમાં કારીગરો અને શિલ્પકારોને વિશેષ રોજગાર પ્રાપ્ત કરાવવાનો છે.
- ✓ સમગ્ર કાર્યક્રમની ટેગ લાઇન-'શિલ્પ, ભોજન અને સંસ્કૃતિનો સંગમ' રાખેલ છે.

**❖ UDAN યોજના પ્રધાનમંત્રી પુરસ્કાર માટે પસંદ થઇ**

- ✓ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની યોજના UDAN (ઉડે દેશ કા આમ નાગરિક)ને લોક પ્રશાસન-2020માં ઉત્કૃષ્ટ કામગીરી માટે આ પુરસ્કાર અપાશે.
- ✓ આ પુરસ્કાર 21 એપ્રિલના રોજ એટલે કે સિવિલ સેવા દિવસ નિમિતે આપવામાં આવશે.

**❖ HPAIR ACONF 2022ની મેજબાની માટે ભારતની પસંદગી**

Crack GPSC

- ✓ હાર્વર્ડ કોલેજ પ્રોજેક્ટ ફોર એશિયન એન્ડ ઇન્ટરનેશનલ રિલેશન્સની ઘોષણા મુજબ HPAIR ACONF 2022ની મેજબાની ભારતમાં દિલ્હી ખાતે કરવામાં આવશે.
- ✓ HPAIR એ હાર્વર્ડ યુનિવર્સિટીનું વિદ્યાર્થી સંગઠન છે. જે યુવાઓને વૈશ્વિક નેતાઓ સાથે જોડવાનું કામ કરે છે.

### ❖ 17 એપ્રિલ: World Hemophilia Day (વિશ્વ હિમોફિલિયા દિવસ)

- ✓ ફ્રેંક સ્નાબેલના જન્મદિવસના પ્રતિક રૂપે આ દિવસ મનાવવામાં આવે છે.
- ✓ ફ્રેંક વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયાના સંસ્થાપક છે.
- ✓ 2022ની થીમ:- 'Access for all: partnership, policy, progress, engaging your goverment, integrating inherited bleeding disorders into national policy'.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ 'આપ'ના રાજ્યસભા સાંસદ હરભજન સિંહે પોતાનું વેતન ખેડૂતોની દીકરીના શિક્ષણ પાછળ ખર્ચવાનો નિર્ણય કર્યો છે.
- ✓ પંજાબ રાજ્ય સરકાર રાજ્યના તમામ નાગરિકોને 300 યુનિટ મફત વિજળી આપશે.
- ✓ પ્રારંભિક રીતે પશ્ચિમ બંગાળ, અસમ અને કેરળ ખાતે IRCTC (ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન) ગંગા અને બ્રહ્મપુત્રા ક્રુઝ સેવા શરૂ કરશે.
- ✓ યુક્રેનના સ્ટીલ કિંગ તરીકે મશહુર ધનાઢય રિનાત અખમિતોવે રશિયાના હુમલામાં નાશ પામેલા મારિયુપોલ શહેરના પુનઃનિર્માણની જાહેરાત કરી.
- ✓ વેદાંત માધવને (અભિનેતા આર. માધવનના પુત્ર) ડેનિશ ઓપન સ્વિમિંગ મિટમાં સિલ્વર મેડલ મેળવ્યો.
- ✓ અર્થશાસ્ત્રી પ્રભાત પટનાયકને 2022નો મૈલ્કમ આદિસેશિયા પુરસ્કાર અપાયો.

CrackGPSC

## 18 એપ્રિલ

### ❖ સમાનતા દિવસ અથવા સમથુવા નાલ

- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને 14 એપ્રિલના રોજ ડો. આંબેડકર જયંતીને 'સમાનતા દિવસ' અથવા 'સમથુવા નાલ' રૂપે ઉજવવાની જાહેરાત કરી.
- ✓ ઉપરાંત આંબેડકરની વિવિધ લેખન રચનાઓનું તમિલ ભાષામાં અનુવાદ કરવાની પણ જાહેરાત કરી તથા ચેન્નઈમાં આંબેડકર સ્મારક ખાતે આંબેડકરની પૂર્ણ આકારની કાંસ્ય પ્રતિમા મુકવાની પણ જાહેરાત કરવામાં આવી.

❖ **સ્કિલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સ્ટેશન,ઓડિશા**

- ✓ કુશળ કાર્યક્ષેત્ર માટે વિદેશી તકો પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી યુવાનોને પ્રશિક્ષિત કરવા ભુવનેશ્વર ખાતે ભારતના પ્રથમ સ્કિલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરવામાં આવી.
- ✓ આ સેન્ટરની સ્થાપના માટે રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (NSDC) અને કૌશલ વિકાસ સંસ્થા (SDI)એ કરાર કર્યો.

❖ **18 એપ્રિલ: World Heritage Slay (વિશ્વ વિરાસત દિવસ)**

- ✓ દર વર્ષે 18 એપ્રિલના રોજ આ દિવસ સ્મારકો અને સ્થળોના મહત્વ વિશે તથા તેની વિવિધતા વિશે જાગૃતિ લાવવા માટે મનાવાય છે.
- ✓ આ દિવસ સૌ પ્રથમ વખત ઇ. સ. 1983માં UNESCO દ્વારા મનાવાયો હતો.
- ✓ વર્ષ 2022ની થીમ 'હેરિટેજ એન્ડ કલાઈમેટ'.

❖ **રાષ્ટ્રીય બાસ્કેટબોલ ચેમ્પિયનશિપમાં તમિલનાડુની જીત**

- ✓ 71મી સીનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપમાં પુરુષ ટીમે પંજાબ સામે 87-69ના સ્કોરથી જીત મેળવી.
- ✓ આ મેચમાં કર્ણાટક ત્રીજા સ્થાને રહ્યું.
- ✓ આ મેચમાં મહિલા ટીમમાં ભારતીય રેલવેએ તેલંગાણાને 131 -82ના સ્કોરથી હરાવ્યું.
- ✓ મહિલા ટીમમાં તમિલનાડુ અને કેરળ ક્રમશઃ ત્રીજા અને ચોથા સ્થાને રહ્યા.

❖ **બંગાળી લેખક અમર મિત્રાને 'ઓ હેનરી પુરસ્કાર'**

- ✓ બંગાળી લેખક અમર મિત્રાને તેમની 45 વર્ષ અગાઉ લખેલી લઘુકથા માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો.
- ✓ 'ગાંવબરો' નામક આ લઘુકથા તેમણે ઇ.સ. 1977માં બંગાળી ભાષામાં લખી હતી.
- ✓ અમર મિત્રાનો જન્મ કોલકાતામાં થયો હતો અને તેઓ બંગાળી સાહિત્યના જાણીતા લેખક છે. વર્ષ 2006માં તેમને સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

❖ **NROL-85 ઉપગ્રહ, અમેરિકા**

- ✓ અમેરિકાએ કેલિફોર્નિયા ખાતેથી આ ઉપગ્રહ પક્ષેપિત કર્યો. જેને બે ભાગવાળા સ્પેસએક્સ ફાલ્કન-9 રોકેટની મદદથી પ્રક્ષેપિત કરાયો.
- ✓ NRO અમેરિકન ઉપગ્રહ બનાવતી સરકારી એજન્સી છે. જેણે સ્પેસએક્સ રોકેટ બુસ્ટરનો પુનઃઉપયોગ કર્યો હોય તેવું આ પ્રથમ મિશન છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ જો રૂટે ઇંગ્લેન્ડની ટેસ્ટ કેપ્ટનશિપનું પદ છોડ્યું.

- ✓ શહેરી વિકાસ મંત્રાલયે 14 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં વધુ 126 શહેરોમાં 'સ્વનિધિ સે સમૃદ્ધિ' કાર્યક્રમ શરૂ કર્યો, જે હેઠળ ફેરીયાઓને ઓછા વ્યાજે લોન અપાશે.
- ✓ સરકારે ત્રણ વીમા કંપની (1) નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિ., (2) ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિ. અને (3) યુનાઈટેડ ઇન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના શેરમાં વૃદ્ધિ કરતાં હવેથી કંપનીઓમાં 5000 કરોડ સુધીનું રોકાણ કરી શકાશે.
- ✓ HDFC બેંક બોર્ડના નિર્દેશક તરીકે રેણુ કર્નાડની ફરીથી નિમણુક કરી. HDFCની ટેગલાઇન 'વી અન્ડરસ્ટેન્ડ યોર વર્લ્ડ' છે.
- ✓ KVG (કર્ણાટક વિકાસ ગ્રામીણ બેંક) દ્વારા 1111 દિવસીય જમા યોજના શરૂ કરવામાં આવી. જેમાં સામાન્ય જનતાને 5.70% અને વરિષ્ઠોને 6.20% વ્યાજ મળશે. તેમાં ઓછામાં ઓછા રૂપિયા 10,000 અને વધુમાં વધુ રૂ. 2 કરોડ જમા કરાવી શકાશે.
- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને તમિલનાડુના વિલ્લુપુરમ જિલ્લાના વનુર તાલુકામાં પેરિયાકોઝુવારી પંચાયત ખાતે 'સમથુવપુરમ મેમોરિયલ'નું ઉદઘાટન કર્યું.

## 19 એપ્રિલ

### ❖ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ હવે બન્યું 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'

- ✓ નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચર (NDEAR) ફ્રેમવર્ક પર આધારિત આધુનિક ટેકનોલોજી અને ડેટા સંચાલિત ગુજરાત રાજ્ય સરકારના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' નામ આપ્યું.
- ✓ આ કેન્દ્ર થકી ગુજરાતની શાળાઓમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષાણનું સતત ઓનલાઇન ગાંધીનગર ખાતેથી મોનિટરરીંગ કરવામાં આવે છે.
- ✓ રિયલ ટાઈમ ડેશ બોર્ડ્સ દ્વારા ડેટા આધારિત નિર્ણયો તથા ભારતનું સૌ પ્રથમ લર્નિંગ આઉટકમ બેઝ્ડ સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ એ આ કેન્દ્રની વિશેષતા છે.

### ❖ વિશ્વનું પ્રથમ અને WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન

- ✓ વિશ્વનું પ્રથમ અને એક માત્ર WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, જામનગરમાં
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ WHOના ડાયરેક્ટર ડો. ટેડ્રોસ અધાનમ ઘે બ્રેયેસસ તથા મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથની વિશેષ ઉપસ્થિતિમાં આ સેન્ટરની શરૂઆત કરી.
- ✓ આ સેન્ટર થકી પરંપરાગત દવા ક્ષેત્રે નવીનતામાં વૈશ્વિક અગ્રણી તરીકે ભારતની પ્રતિષ્ઠાને વેગ મળશે.

Crack GPSC

- ✓ વિશેષતઃ આ સેન્ટરથી ગુજરાત અને ભારતના આયુષ પ્રેક્ટીસનરો અને નિષ્ણાંતો માટે નવી તકો ઉભી થશે તથા ગુજરાત રાજ્ય પરંપરાગત દવાના વૈશ્વિક હબ તરીકે પ્રસ્થાપિત થશે.

### ❖ ભારતમાં ગરીબીમાં 12.3% ઘટાડો - વિશ્વ બેંક

- ✓ વર્ષ 2011ની તુલનામાં 2019માં ભારતની ગરીબીમાં 12.3%નો ઘટાડો નોંધાયો.
- ✓ વર્ષ 2011ની ગરીબીનો દર 22.5%હતો. જે 2019માં 10.2% થયો.
- ✓ આ રિપોર્ટ અનુસાર શહેરની તુલનામાં ગ્રામીણ ગરીબીમાં ઘટાડો જોવા મળ્યો છે.
- ✓ 2011થી 2019 સુધીમાં ગ્રામીણ ગરીબીમાં 14.7%, જ્યારે શહેરી ગરીબીમાં 7.9%નો ઘટાડો જોવા મળ્યો.

### ❖ 'રેડિયો અક્ષ' રેડિયો ચેનલ

- ✓ દ્રષ્ટીહિન લોકો માટે ભારતની પ્રથમ રેડિયો ચેનલ 'રેડિયો અક્ષ' લોન્ચ કરવામાં આવી.
- ✓ આ લોન્ચિંગ ધ બ્લાઈંડ રિલીફ એસોસિએશન, નાગપુર અને સમદ્રષ્ટી ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડલ (સક્ષમ)ના સહયોગથી કરવામાં આવ્યું છે.
- ✓ આ ચેનલ પર દ્રષ્ટીહિન લોકો માટે શિક્ષણ સંબંધી માહિતી તથા ઓડિયોબુક મુકવામાં આવશે.

### ❖ 19 એપ્રિલ: વિશ્વ યકૃત દિવસ (World Liver Day)

- ✓ યકૃતના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 19 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ યકૃત શરીરનું એક વિશિષ્ટ અંગ છે. જે શરીરમાંથી બિન ઉપયોગી કચરાને બહાર કાઢવામાં મદદરૂપ થાય છે.
- ✓ શરીરના કુલ રક્તના 13% રક્ત યકૃત પોતાના કાર્ય માટે ઉપયોગમાં લે છે.
- ✓ આલ્કોહોલના સેવનથી યકૃતને નુકસાન થાય છે. જે હૃદય રોગ, બ્લડપ્રેશર, મગજના સ્ટ્રોક વગેરેને આમંત્રણ આપે છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ભુવનેશ્વર કુમાર IPLના ઈતિહાસમાં 150 વિકેટ લેનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા. ડ્વેન બ્રાવો (174) અને લસિથ મલિંગા (170) બાદ ભુવનેશ્વર કુમાર (150) આ ઈતિહાસ બનાવનાર ત્રીજા ખિલાડી.
- ✓ ચીને જોંગજિંગ-6D ઉપગ્રહને સિચુઆન પ્રાંતના જિયાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટર પરથી સફળતાપૂર્વક લોન્ચ કર્યો.

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અમેરિકાની યાત્રા પર જશે. જ્યાં IMF, વિશ્વબેંક, G20 નાણા મંત્રીની બેઠક, સેન્ટ્રલ બેંક ગવર્નર બેઠક વગેરેમાં ભાગ લેશે.
- ✓ ગુજરાત રાજ્ય સરકાર 18થી 22 એપ્રિલ સુધી દરેક તાલુકા મથક ખાતે રાજ્યવ્યાપી આરોગ્ય મેળાઓનું આયોજન કરશે.

## 20 એપ્રિલ

### ❖ ઓખા ખાતે હોવર પોર્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું

- ✓ ભારતીય તટરક્ષક દળના મહાનિર્દેશક વી. એસ. પઠાનિયાએ પોરબંદરના વાડીનાર ખાતે કોસ્ટ ગાર્ડ જેટીનો શિલાન્યાસ તથા ઓખા ખાતે હોવર પોર્ટનું ઉદઘાટન કર્યું.
- ✓ આ બંને યોજનાથી ભારતીય કોસ્ટ ગાર્ડનો વિકાસ થશે તથા તેના ઝડપી સંચાલનને પણ વેગ મળશે.

### ❖ ફેસબુકની કંપની મેટાનું ડિજિટલ ટોકન-'ZUCK BUCKS'

- ✓ મેટાએ અગાઉ ગ્લોબલ ક્રિપ્ટોકરન્સી Libra લોન્ચ કરી હતી. જેનું પાછળથી નામ બદલીને Diem કરવામાં આવ્યું હતું. જો કે આ યોજના અનેક નારાજગીઓના કારણે રદ કરવામાં આવી હતી.
- ✓ હવે મેટા ડિજિટલ ટોકન લોન્ચ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જેને તેના માલિક માર્ક ઝુકરબર્ગના નામ પરથી zuck bucks નામ અપાશે.

### ❖ મધ્યપ્રદેશની છિંદવાડા નારંગી હવે સાતપુડા નારંગી તરીકે ઓળખાશે

- ✓ સરકારની 'એક જિલ્લો એક ઉત્પાદન' યોજના અંતર્ગત આ નવું નામ આપવામાં આવ્યું છે.
- ✓ નારંગી સંબંધિત એક QR (Quick Response) code પણ બનાવાયો છે. જે તેની વિવિધતા વિશેની તમામ માહિતીઓ આપશે.
- ✓ નાગપુરને ઓરેન્જ સિટીનો ટેગ આપવામાં છિંદવાડાની નારંગીનો વિશેષત: ભાગ રહેલ છે.
- ✓ આ વિસ્તારમાં વાર્ષિક અંદાજે 4.5 લાખ ટન નારંગીઓનું ઉત્પાદન થાય છે.

### ❖ BRO બનાવશે 16,580 ફૂટની ઉંચાઈ પર વિશ્વની સૌથી ઊંચી સુરંગ

- ✓ BRO (Border Road Organisation) દ્વારા શિંકુલા ચોટી પર દુનિયાની સૌથી ઊંચી સુરંગનું નિર્માણ કરવામાં આવશે. જે હિમાચલ પ્રદેશને લદ્દાખમાં જાસ્કર શ્રેણી સાથે જોડશે.
- ✓ આ સુરંગ કેન્દ્ર સરકારના BRO અંતર્ગતની 'પ્રોજેક્ટ યોજના' અંતર્ગત બનશે.
- ✓ BROના વડા લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરી (લેફ્ટનન્ટ-Lieutenant).

### ❖ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટર સ્થાપિત કરશે ભારત અને ફિનલેન્ડ

- ✓ ભારત અને ફિનલેન્ડ કવોન્ટમ કમ્પ્યુટિંગ પર ઇન્ડો-ફિનિશ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટર સ્થાપિત કરશે.
- ✓ આ સેન્ટર બંને દેશો વચ્ચે નવીનતમ સંશોધનો અને માહિતીની આપ-લેની સુવિધા પુરી પાડશે.
- ✓ આ સેન્ટર IIT-મદ્રાસ, IISER-પૂણે તથા c-DAC પુણેના સહયોગથી સ્થાપિત થશે.

### ❖ સુજીત સરકારને ડાયરેક્ટર ઓફ ધ યર એવોર્ડ અપાયો

- ✓ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દિલ્હી ખાતે AIMA મેનેજિંગ ઇન્ડિયા એવોર્ડ્સ પ્રદાન કર્યાં.
- ✓ ફિલ્મ સિરીઝ 'સરદાર ઉધમ' માટે સુજીતને આ એવોર્ડ આપવામાં આવ્યો.

### ❖ 20 એપ્રિલ: સયુંકત રાષ્ટ્ર ચીની ભાષા દિવસ

- ✓ United Nations Chinese Languge Day.
- ✓ આ દિવસ વિશ્વની સંસ્કૃતિમાં ચીની સાહિત્ય, કવિતા અને ભાષાના યોગદાનનું મહત્વ સમજાવે છે.
- ✓ વર્ષ 2010માં 12 નવેમ્બરના રોજ પ્રથમ વખત આ દિવસ ઉજવાયો હતો. ત્યારબાદ 2011થી આ દિવસ 20 એપ્રિલના રોજ ઉજવાય છે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રની 6 અધિકારીક ભાષાઓમાં અરબી, ચીની, અંગ્રેજી, ફ્રેંચ, રાશિયન અને સ્પેનિશ ભાષાનો સમાવેશ થાય છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ હરિયાણાએ 12મી સિનીયર પુરુષ રાષ્ટ્રીય હોકી ચેમ્પિયનશિપમાં જીત મેળવી.
- ✓ ONGCએ પોમિલા જસપાલને નિર્દેશક (નાણા વિભાગ)તથા CFO(મુખ્ય નાણા અધિકારી) નિયુક્ત કર્યાં.
- ✓ 83મી સિનીયર નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ મેઘાલય ખાતે SAI ઇન્ડોર સ્ટેડિયમ NEHU, શિલોંગમાં શરૂ થઈ.
- ✓ સિનીયર એશિયન કુશ્તી ચેમ્પિયનશિપ મંગોલિયા ખાતે શરૂ થઈ. જેમાં ઓલિમ્પિક વિજેતા રવિ દહિયા તથા બજરંગ પુનિયા સહિત 30 ભારતીય પહેલવાનો ભાગ લેશે.
- ✓ ડિજિટ ઈન્સ્યોરન્સના MD અને CEO તરીકે જસલીન કોહલીની નિયુક્તિ કરવામાં આવી.
- ✓ તેલગાંણા સરકારે પોતાનું 'સ્પેસટેક ફ્રેમવર્ક' મેટાવર્સ ઉપર લોન્ચ કર્યું.
- ✓ ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021 માટે 'ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2021' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી.

- ✓ કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કૃષિ ક્ષેત્રનાં બે નવાં પોર્ટલ CROP(Comprehensire registration of pesticides) અને PQMS (Plant quarntine management system) લોન્ચ કર્યાં.
- ✓ ન્યુજર્સીની (ન્યુયોર્ક) કોલોનીયા હાઇસ્કુલના ભૂતપૂર્વ 100 વિદ્યાર્થી-શિક્ષકો રેડિયો એક્ટીવ તત્વ રેડોન ગેસના કારણે ગ્લિઓબ્લાસ્ટોમ પ્રકારના બ્રેઈન કેન્સરનો ભોગ બન્યાનું સામે આવ્યું.
- ✓ તાજેતરમાં 66,000 જેટલા 'બેટલ ગ્રાઉન્ડ્સ મોબાઈલ ઇન્ડિયા' (BGMI) એકાઉન્ટ BGMI કંપનીએ સુરક્ષાના સંદર્ભને ધ્યાનમાં રાખીને પ્રતિબંધિત કર્યાં.

## 21 એપ્રિલ

### ❖ INS વાગશીર સબમરીન લોન્ચ

- ✓ મુંબઈ ખાતે સબમરીન INS વાગશીર લોન્ચ કરવામાં આવી. જેનું આવનાર સમયમાં સમુદ્રી પરીક્ષણ થશે.
- ✓ વાગશીર માર્ચ 2024 સુધીમાં નેવીની ફ્લિટ સામેલ થશે.
- ✓ આ સબમરીન સમુદ્રી સીમાના નિરીક્ષણથી લઈને હુમલા સુધીની ક્ષમતા ધરાવે છે. તેને મુંબઈના મઝગાંવ ડોક્યાર્ડ ખાતે બનાવવામાં આવી છે.
- ✓ P-75 પ્રોજેક્ટ હેઠળ અત્યારસુધીમાં 4 સબમરીન નેવીમાં સામેલ કરવામાં આવી છે.

### ❖ મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાને આયુષ સમિટનું ઉદઘાટન કર્યું.

- ✓ WHOના ડાયરેક્ટર ડૉ. ટેડ્રોસ તથા મોરેશિયસના PM જુગ્નાથની ઉપસ્થિતિમાં આ ઉદઘાટન કરવામાં આવ્યું.
- ✓ આ કાર્યક્રમમાં ગ્લોબલ આયુષ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇનોવેશન સમિટ-2022નું ઉદઘાટન પણ કરવામાં આવ્યું તથા સાથે સાથે પરંપરાગત આયુષ ઉપચાર માટે ભારત આવવા માંગતા વિદેશી નાગરિકો માટે 'આયુષ વિઝા કેટેગરી' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી.
- ✓ આયુષ મંત્રાલય સંશોધનો માટે 'આયુષ પાર્ક' બનાવશે તથા લોકોને પરંપરાગત ઔષધો પર વિશ્વાસ આવે તે માટે તેની ઉપર 'આયુષ માર્ક' લગાવશે.
- ✓ FSSAIએ આ સાથે હર્બલ ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સ માટે 'આયુષ આહાર'ની પણ જાહેરાત કરી છે.

### ❖ દેશની પ્રથમ સોલાર રૂપટોપ સિસ્ટમનું ગાંધીનગર ખાતે અનાવરણ

Crack GPSC

- ✓ ગાંધીનગરના સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર પરીષદમાં આ સિસ્ટમનું અનાવરણ કરવામાં આવ્યું છે.
- ✓ મંદિર પરિસરમાં 10 PV પોર્ટ સિસ્ટમની સ્થાપનાને જર્મન વિકાસ એજન્સી ડ્યુશ ગેસેલશાફ્ટ ફર ઈન્ટરનેશનલ જુસામેનરબીટ દ્વારા સમર્થન અપાયું છે.
- ✓ PV પોર્ટ્સનું નિર્માણ નવી દિલ્લી સ્થિત સર્વોટેક પાવર સિસ્ટમ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

**❖ SU30-MKI ફાઈટર જેટથી બ્રમ્હોસ મિસાઈલનું સફળ પરીક્ષણ**

- ✓ ભારતીય વાયુ સેનાએ સુખોઈ ફાઈટર જેટની મદદથી બ્રમ્હોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું.
- ✓ બ્રમ્હોસ મિસાઈલ 2.8 મૈક એટલે કે અવાજની ગતિથી લગભગ 3 ગણી વધુ ઝડપથી ઉડી શકે છે.
- ✓ આ મિસાઈલને સબમરિન, વિમાન તથા જમીન એમ તમામ પ્લેટફોર્મના માધ્યમથી લોન્ચ કરી શકાય છે.

**❖ 21 એપ્રિલ: world creativity and innovation day**

- ✓ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 21 એપ્રિલે આ દિવસ મનાવાય છે.
- ✓ આ દિવસનો ઉદ્દેશ્ય વ્યક્તિગત તથા સામૂહિક રીતે વિવિધ દેશો વચ્ચે નવીનતાની આપ-લેનો છે.
- ✓ દર વર્ષે વિશ્વ રચનાત્મકતા સપ્તાહ 15 થી 21 એપ્રિલ સુધી મનાવાય છે.

**❖ 21 એપ્રિલ: રાષ્ટ્રીય સિવિલ સેવા દિવસ (National Civil Services Day)**

- ✓ દર વર્ષે ભારતમાં 21 એપ્રિલે આ દિવસ મનાવાય છે.
- ✓ 1947માં દિલ્હીના મેટકાફ હાઉસ ખાતે સ્વતંત્ર ભરતના પ્રથમ ગૃહ મંત્રી સરદાર પટેલ પ્રશાસનિક સેવા અધિકારીઓને આ દિવસે સન્માનિત કર્યા હોવાથી તેની યાદમાં ઉજવાય છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ પૂર્વ નૌ સેના અધિકારી અને ભારતીય મૂળના શાંતિ શેઠી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ (અમેરિકા)નાં કાર્યકારી સચિવ અને રક્ષા સલાહકાર બન્યા.
- ✓ દાહોદ ખાતે આવેલ પશ્ચિમ રેલવેના સૌથી જુના વર્કશોપમાં 9000 હોર્સપાવરની શક્તિવાળાં એન્જિન બનાવવામાં આવશે. જે 4500 ટન કાર્ગો વાળી ગુડ્સ ટ્રેન ચલાવવા માટે સક્ષમ બનશે.
- ✓ પાકિસ્તાનના નવા મંત્રીમંડળના વિદેશ પ્રધાન તરીકે હિના રબ્બાની ખારની નિયુક્તિ કરવામાં આવી.

- ✓ સુરતને કલાયમેટ સિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક એવોર્ડ અપાયો.
- ✓ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના જોડિયા બાળકોમાંથી નવજાત પુત્રનું નિધન થયું.
- ✓ ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન અમેરિકાના જસ્ટિન ગેટલિન મે માસમાં આયોજિત બેંગલુરુ મેરેથોનમાં ભારત આવશે. તેમને આ મેરેથોનના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરાયા છે.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ WHOના ડાયરેક્ટ ટેડ્રોસને ગુજરાતી નામ 'તુલસીભાઈ' તરીકે ઓળખાવ્યા.




## 22 એપ્રિલ

### ❖ દિલ્હીનું શિક્ષા ગીત 'ઈરાદા કર લિયા હૈ હમને' રિલીઝ

- ✓ ગીતના શબ્દો આલોક શ્રીવાસ્તવ દ્વારા લખવામાં આવ્યા છે તથા તેને મશહૂર ગાયક શાન અને સ્નેહ શંકર દ્વારા ગાવામાં આવ્યું છે.
- ✓ આ ગીત છેલ્લા સાત વર્ષમાં દિલ્હીની શિક્ષણ ક્રાંતિને પ્રતિબિંબિત કરે છે.

### ❖ ઈ-કિતાબ કોષ - જમ્મુ કાશ્મીર

- ✓ જમ્મુ-કાશ્મીરના મુખ્ય સચિવ અરૂણ કુમાર મહેતાએ ઈ-લાઈબ્રેરી અંતર્ગત ઈ-કિતાબ કોષ પહેલ શરૂ કરી.

- ✓ આ ઓનલાઈન લાઈબ્રેરીમાં વિવિધ પાંચ ભાષાઓમાં પુસ્તકો ઉપલબ્ધ કરવામાં આવશે જેમાં અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, ડોંગરી અને કાશ્મીરીનો સમાવેશ થાય છે.
- ✓ ઓનલાઈન લાઈબ્રેરી www.elirary.jk.gov.in ઉપરથી પ્રાપ્ત થશે.

### ❖ NATPOLREX-VIII અભ્યાસ

- ✓ રક્ષા સચિવ ડો. અજય કુમારે બે દિવસ માટે રાષ્ટ્રીય સત્ર પર પ્રદુષણ પ્રતિક્રિયા માટે અભ્યાસ NATPOREX-VIII ની 8મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ ભારતીય તટરક્ષક દળ દ્વારા મારમાગોઆ બંદરગાહ, ગોવા દ્વારા તેનું સંચાલન કરવામાં આવ્યું હતું.
- ✓ આ અભ્યાસનો ઉદ્દેશ્ય સમુદ્રમાં થતા અલગ અલગ ઓઇલ લિકેજ (સમુદ્ર રિસાવ) સામે રક્ષણ મેળવવાનો તથા તેની સામે પ્રતિક્રિયા આપવાનો છે.

### ❖ સાબરમતી આશ્રમની મુલાકાત લેનાર બોરિસ જોનસન પ્રથમ બ્રિટન વડાપ્રધાન

- ✓ તાજેતરમાં બોરીસ જોનસને ગુજરાત ખાતે સાબરમતી આશ્રમની મુલાકાત લીધી.
- ✓ 1947 બાદ ગુજરાત મુલાકાતે આવનાર બોરીસ પ્રથમ બ્રિટન વડા છે.

### ❖ 22 એપ્રિલ: Earth day (આંતરરાષ્ટ્રીય પૃથ્વી દિવસ)

- ✓ આ દિવસનો ઉદ્દેશ્ય પ્રદુષણ, જંગલોનો નાશ, ગ્લોબલ વોર્મિંગ સહિતના મુદ્દાઓ માટે જાગૃતિ લાવવાનો છે.
- ✓ આ દિવસની સ્થાપના 1970માં સીનેટર ગેલોર્ડ નેલ્સન દ્વારા કરવામાં આવી હતી.
- ✓ વર્ષ 2022ની થીમ - 'ઇન્વેસ્ટ ઇન અવર પ્લેનેટ'.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ વિકિલીકસના સંસ્થાપક જુલિયન અસાન્જેનું અમેરિકાને પ્રત્યાપર્ણ કરાશે. બ્રિટનની કોર્ટ અસાન્જેને ઈરાક, અફઘાનિસ્તાન યુદ્ધની સિક્રેટ ફાઇલ્સ છાપવા બદલ દોષિત ઠેરવ્યો હતો.
- ✓ હરિયાણા ખાતે આયોજીત 40મી ઓલ ઇન્ડિયા પોલીસ ઈ ક્વેસ્ટીરીયન મિટ 2021માં રાજકોટ જિલ્લાના પીઆઇ યુવરાજસિંહ સરવૈયા અને તેમના અશ્વ ટીપુએ અશ્વ દોડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ ડેમોગ્રાફીયા ઇન્ટરનેશનલ હાઉસિંગ સ્ટડીએ હાથ ધરેલા સર્વે મુજબ હાઉસિંગ માર્કેટ ક્ષેત્રમાં પીટ્સબર્ગ વિશ્વમાં સૌથી સસ્તું અને હોંગકોંગ સૌથી મોંઘુ શહેર.
- ✓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ચાર અધિનિયમ (1) દિલ્હી નગર નિગમ (સંશોધન) અધિનિયમ, (2) સંવિધાન (અનુ. જનજાતિ) આદેશ (સંશોધન) અધિનિયમ, (3) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,

કંપની સેક્રેટરી (સંશોધન) અધિનિયમ (4) અપરાધ પ્રક્રિયા (ઓળખ) અધિનિયમ પર હસ્તાક્ષર કર્યા.

## 23 એપ્રિલ

### ❖ રશિયા દ્વારા નવી બેલેસ્ટિક મિસાઈલ RS-28 સમરતનું પરીક્ષણ

- ✓ રશિયાએ યુરોપ તથા અમેરિકા પર હુમલો કરવા સક્ષમ આંતર મહાદ્વીપીય બેલેસ્ટિક મિસાઈલ RS-28 સમરતનું પરીક્ષણ કર્યું.
- ✓ આ મિસાઈલ 10 ટન જેટલો સામાન વહન કરી શકે છે તથા તેમાં પરમાણુ હથિયારો પણ સમાવિષ્ટ થઇ શકે છે.
- ✓ આ મિસાઈલ એક સાથે એકથી વધુ લક્ષ્યને ભેદી શકે છે.
- ✓ આ મિસાઈલની લંબાઈ 35.3 મીટર તથા વ્યાસ 3 મીટર છે.
- ✓ આ મિસાઈલ પ્લાસેત્સ્ક કોસ્મોડ્રોમથી લોન્ચ કરવામાં આવી હતી.

### ❖ કેરળ સરકારે કોસમોસ માલાબારિક્સ પરિયોજના માટે હસ્તાક્ષર કર્યા

- ✓ કેરળ સરકારે આ પરિયોજના માટે નેધરલેન્ડ સરકાર સાથે હસ્તાક્ષર કર્યા.
- ✓ આ યોજના હેઠળ 18મી સદીના ડચ દસ્તાવેજોનો ઉપયોગ કરી કેરળનો ઈતહાસ જાણવા માટે પ્રયાસ કરવામાં આવશે.
- ✓ આ યોજના કેરળ ઐતિહાસિક અનુસંધાન પરિષદ, રાષ્ટ્રીય અભિલેખાગાર, નેધરલેન્ડની લિડેન વિશ્વવિધાલય દ્વારા સયુંક્ત રીતે અમલમાં મૂકવામાં આવી છે.

### ❖ વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર

- ✓ ભારતના કેપ્ટન રોહિત શર્મા અને જસપ્રીત બુમરાહને અલમનેકના 2022ના વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યરના પાંચ ખેલાડીઓમાં સ્થાન અપાયું.
- ✓ આ યાદીમા ન્યુઝીલેન્ડના ડેવોન કોનવેનો પણ સમાવેશ થાય છે.
- ✓ ઈંગ્લેન્ડના જો રૂટને વિશ્વના ટોચના ક્રિકેટર જાહેર કરાયા જયારે દ. આફ્રિકાની મહિલા ટીમના લિજેલલીને અગ્રણી મહિલા ક્રિકેટર જાહેર કરાયા.

### ❖ કચરાને ઊર્જામાં ફેરવવા માટે NTPCએ દિલ્હી જલબોર્ડ સાથે કરાર કર્યા

- ✓ NTPC લિમિટેડ દિલ્હી જલબોર્ડ સાથે મળીને STP (સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ)માં ઉત્પાદિત કચરાના ઉપયોગથી ઊર્જા ઉત્પન્ન કરશે.
- ✓ આ કરાર $CO_2$ ઉત્સર્જનના ઘટાડાને પ્રોત્સાહિત કરી પર્યાવરણને અનુકૂળ બનાવવા માટે કરાયા છે.

- ✓ દિલ્હી NCRમાં પ્રતિ દિન 800 MT સુધીનો STP કચરો ઉત્પન્ન થાય છે.

❖ **પ્રશાસનમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર**

- ✓ મણીપુરના વિષ્ણુપુર અને રાજસ્થાનના ચુરૂ જિલ્લાને ખેલો ઇન્ડિયા માટે લોક પ્રશાસનમાં આ પુરસ્કાર મળ્યો.
- ✓ આ પુરસ્કાર વિજેતાને ટ્રોફી તથા 20 લાખ રૂપિયાનું પ્રોત્સાહન અપાય છે.

❖ **23 એપ્રિલ: World Book Day (વિશ્વ પુસ્તક દિવસ)**

- ✓ UNESCO દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ આ દિવસે વિવિધ કાર્યક્રમોના માધ્યમથી વાંચન, પ્રકાશન તથા પુસ્તકોના કોપીરાઇટ સંબંધિત બાબતો વિશે જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે.
- ✓ આ દિવસ વિલિયમ શેક્સપિયર, મિગુએલ ડે સર્વેંટ્રેસ તથા ઇંકા ગાર્સિલાસો ડેલા વેગા જેવા મુખ્ય લેખકોની પુણ્યતિથિનું પ્રતીક છે.
- ✓ વિશ્વ પુસ્તક દિવસની સાથે 23 એપ્રિલને કોપીરાઇટ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

❖ **23 એપ્રિલ: English Language day (અંગ્રેજી ભાષા દિવસ)**

- ✓ અંગ્રેજી ભાષા દિવસ દર વર્ષે 23 એપ્રિલે મનાવાય છે.
- ✓ આ દિવસ પ્રસિદ્ધિ લેખક વિલિયમ શેક્સપિયરની જયંતિ તથા પુણ્યતિથિની તારીખ છે.
- ✓ આ દિવસ વૈશ્વિક સંચાર નિગમ દ્વારા 2010થી મનાવાય છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ઇન્ડસઇન્ડ બેંકને પેમેન્ટ સિસ્ટમ ટ્રાન્સફોર્મેશન શ્રેણી હેઠળ વૈશ્વિક 'સેલેટ મોડલ બેંક' પુરસ્કાર એનાયત થયો.
- ✓ ભારતના યુવા ગ્રાન્ડ માસ્ટર ડી. ગુકેશે 48મી રોડા ઇન્ટરનેશનલ ઓપન શતરંજ ટુર્નામેન્ટમાં 9માંથી 8 રાઉન્ડ જીત્યા.
- ✓ લોકસભા સ્પીકર ઓમ બિરલા વિયેતનામના 3 દિવસના પ્રવાસે.
- ✓ કર્ણાટકના CM બસવરાજ બોમ્બોઇની ઘોષણા મુજબ નિર્માણાધીન શિવમોગ્ગા એરપોર્ટને પૂર્વ મુખ્યમંત્રી બી. એસ. યેદિયુરપ્પા નામ અપાશે.

## 24 એપ્રિલ

❖ **ટેબમાં શિપયાર્ડ્સ લિમિટેડ અને OSL વચ્ચે સમજૂતી**

- ✓ ટેબમાં શિપયાર્ડ્સ લિમિટેડ અને OSL (ઓશિયન સ્પાર્કલ લિમીટેડ) વચ્ચે સમજૂતી થઇ.

- ✓ સાર્વજનિક ક્ષેત્રની કોચીન શિપયાર્ડ લિમીટેડની પૂર્ણ સ્વામિત્વ ધરાવતી કંપની ટેબમાં શિપયાર્ડ લિમીટેડ OSL સાથે 62 ટનના બે બોલાર્ડ પુલ ટગ્સ બનાવવા માટે સમજૂતી.
- ✓ આ જહાજોની લંબાઈ 33 મીટર તથા પહોળાઈ 11.9 મીટર રખાશે.

## ❖ દિલ્હીના નયા મુખ્ય સચિવ - નરેશ કુમાર

- ✓ ગૃહ મંત્રાલયે 1987 બેચના IAS નરેશ કુમારને દિલ્હીના મુખ્ય સચિવ નિયુક્ત કર્યા. હાલ તેઓ અરૂણાચલના મુખ્ય સચિવ તરીકે કાર્યરત છે.
- ✓ આ ઉપરાંત હાલ અરૂણાચલ પ્રદેશમાં નિયુક્ત IAS રાજીવ વર્માને કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્ય સચિવ નિયુક્ત કરાયા છે.

## ❖ ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2021

- ✓ ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુએ શ્રી કાંતીરવા ઇન્ડોર સ્ટેડિયમ, બેંગલુરુ ખાતેથી ખેલો ઇન્ડિયા યુનિ. ગેમ્સની બીજી આવૃત્તિની શરૂઆત કરી.
- ✓ કર્ણાટક સરકાર અને ભારતીય ખેલ પ્રાધિકરણના સમર્થન હેઠળ જૈન વિશ્વવિદ્યાલય આ કાર્યક્રમની મેજબાની કરશે.
- ✓ 200થી વધુ યુનિવર્સિટીઓના અંદાજીત 3879 પ્રતિસ્પર્ધીઓ વિવિધ 20 રમતોમાં ભાગ લેશે.

## ❖ 24 એપ્રિલ: રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ

- ✓ National Panchayat Raj Day.
- ✓ પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દર વર્ષે 24 એપ્રિલે આ દિવસ ઉજવાય છે.
- ✓ વર્ષ 1992માં બંધારણમાં 73મા બંધારણીય સુધારા અન્વયે 24 એપ્રિલે પંચાયત વિશેની બાબત ઉમેરવામાં આવી જેની યાદમાં આ દિવસ ઉજવાય છે.
- ✓ આ પંચાયત અંગેનો અધિનિયમ 24 એપ્રિલ 1993થી અમલમાં આવ્યો.
- ✓ વર્ષ 2010માં 24 એપ્રિલે વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા સૌપ્રથમ વખત પંચાયતી રાજ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

## ❖ 24 એપ્રિલ: શાંતિ માટે બહુપક્ષીયવાદ અને મુત્સદ્દીગીરીનો આંતરરાષ્ટ્રીય દિવસ

- ✓ International Day of Multilateralism and Diplomacy for Peace.
- ✓ 12 ડિસેમ્બરે 2018ના રોજ સંયુકત રાષ્ટ્રના પ્રસ્તાવ હેઠળ આ દિવસની સ્થાપના થઇ.
- ✓ સૌપ્રથમ વખત 24 એપ્રિલ, 2019ના રોજ આ દિવસ ઉજવાયો.
- ✓ આ દિવસ વિવિધ રાષ્ટ્રો વચ્ચે સંઘર્ષોમાં શાંતિપૂર્ણ રીતે સમાધાન મેળવવા તથા બહુપક્ષીય નિર્ણયો લેવાના ઉદ્દેશ્યો સાથે મનાવાય છે.



Crack GPSC

- ✓ ક્વાડ પહેલ અંતર્ગત થાઈલેન્ડને ભારત તરફથી ભારત નિર્મિત કોરોના વેક્સિન કોવેક્સિનના 2,00,000 ડોઝ આપવામાં આવ્યા.
- ✓ ગુજરાતના ભરૂચ ખાતે તટરક્ષક દળમાં 'ઊર્જા પ્રવાહ' જહાજને સમાવિષ્ટ કરવામાં આવ્યું. આ જહાજની લંબાઈ 36.96 મીટર છે.
- ✓ વિપ્રોએ સત્ય ઈશ્વરનને ભારતના કન્ટ્રી હેડ નિયુક્ત કર્યા.
- ✓ ભારતીય નૌ સેના અને લાર્સન એન્ડ ટુબ્રો (L&T) વચ્ચે કરારો થયા. જેમાં ઇલેક્ટ્રિસિટી, હથિયાર, મશીનરી વગેરે જેવી સેવાઓની આપ-લે થશે.
- ✓ ભારત પેએ સ્મૃતિ હાંડાને મુખ્ય માનવ સંશાધન અધિકારી તરીકે નિયુક્ત કર્યા.
- ✓ ભારત-ફ્રાન્સ વચ્ચે રક્ષા સહયોગને વધારવા સયુંકત કર્મચારી વાર્તાલાપની 20મી આવૃત્તિનું આયોજન કરાયું.
- ✓ PMGKP (પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ)ને 180 દિવસ માટે લંબાવવામાં આવ્યું. આ યોજના covid-19થી લડનાર સ્વાસ્થ્યકર્મીઓ માટે વીમા કવચ પૂરું પાડે છે.

## 25 એપ્રિલ

### ❖ સાયરસ પૂનાવાલા - વિશ્વના સૌથી અમીર હેલ્થકેર અરબપતિ

- ✓ હુરૂન ગ્લોબલ હેલ્થકેર રિચ લિસ્ટ 2022 અનુસાર સીરમ ઇન્સ્ટીટયુટના સંસ્થાપક સાયરસ પૂનાવાલાને વર્ષ 2022માં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સૌથી અમીર અરબપતિ (26 અરબ ડોલર સંપતિ) જાહેર કર્યા.
- ✓ આ યાદીમાં બીજા ક્રમના અરબપતિ થોમસ ક્રિસ્ટ જુનીયર છે. જયારે ત્રીજા અને ચોથા ક્રમે અનુક્રમે ચીનના લી જિટિંગ અને મિંડ્રે કે જૂ હૈંગ છે.

### ❖ મણીપુરમાં 165 ફૂટ લાંબો ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવાયો

- ✓ મણીપુરના મોઈરંગ ખાતે ભારતીય રાષ્ટ્રીય સેનાના મુખ્યાલય પરિસર ખાતે આ ધ્વજ ફરકાવાયો, જે પૂર્વોત્તર ક્ષેત્રનો સૌથી ઊંચો સ્થાપિત થયેલ ધ્વજ છે.
- ✓ મણીપુરના CM એન. બીરેન સિંહે INA શહીદ સ્મારક, મોઈરંગ ખાતે ઉજવણીના ભાગરૂપે 78મી વર્ષગાંઠ પર આ ધ્વજ ફરકાવ્યો.

### ❖ ડૉ. સુમન કે. બેરી નીતિ આયોગના ઉપાધ્યક્ષ બન્યા

- ✓ તેઓ નવી દિલ્હી ખાતે NCAER (નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇટ ઇકોનોમિક રિસર્ચ)ના મહાનિર્દેશક રહી ચૂક્યા છે. જે ભારતની મુખ્ય સ્વતંત્ર ગૈર-લાભકારી નીતિ સંશોધન સંસ્થાઓમાંથી એક છે.
- ✓ નીતિ આયોગના વડા હોદ્દાની રૂએ વડાપ્રધાન હોય છે. (હાલ નરેન્દ્ર મોદી)

❖ **BHIM UPI હવેથી UAEમાં પણ કાર્યરત થશે**

✓ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NPCI)ની આંતરરાષ્ટ્રીય શાખા ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડે ભીમ UPI હવેથી યુએઈ (સયુંકત આરબ અમીરાત)માં નિયોપે ટર્મિનલ પર કાર્યરત હોવાની જાહેરાત કરી.

✓ મશરેક બેંકની સહાયક કંપની NIPL અને NEOPAT એક વર્ષથી UAEમાં એક્સેપ્ટેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે પાર્ટનરશીપ પર કામ કરી રહી છે.

✓ BHIM UPI એ સ્મૃતિ હાંSIને મુખ્ય માનવ સંશાધન અધિકારી નિયુક્ત કર્યા.

**કરન્ટ ઇન શોર્ટ**

✓ ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકે નાણાકીય સેવાઓ માટે 'ફિનક્લુવેશન' લોન્ચ કરવાની જાહેરાત કરી.

✓ વિશાખા મુલે આદિત્ય બિરલા કેપિટલના નવા CEO નિયુક્ત.

✓ એસ્ટોનિયાએ વિશ્વના સૌથી મોટા સાયબર અભ્યાસ CCDCOE (કોર્પોરેટ સાઈબર ડિફેન્સ સેન્ટર ઓફ એક્સેલેન્સ)ની મેજબાની કરી.

✓ રક્ષા વિશેષજ્ઞ વિવેક લાલને આંતરપ્રિન્યોર લીડરશીપ એવોર્ડ અપાશે. તેઓને આ એવોર્ડ ગ્લોબલ લીડર ઇન ડિફેન્સ એન્ડ એવિએશન સેકટર શ્રેણીમાં અપાશે.

✓ દર વર્ષે 25 એપ્રિલે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ દિવસ સેનફ્રાન્સિસ્કો સંમેલનની વર્ષગાંઠના પ્રતીક રૂપે મનાવાય છે.

**26 એપ્રિલ**

❖ **ઈમેન્યુએલ મૈક્રોન ફરીથી ફ્રાન્સના રાષ્ટ્રપતિ નિયુક્ત**

✓ 1958 થી રાજનૈતિક શાસન હેઠળના ગણરાજ્ય ફ્રાન્સના ઈતિહાસમાં પ્રથમ વાર મૈક્રોન સતત બીજી વખત ચૂંટાઈ આવ્યા.

✓ તેઓ 2017માં ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત થયા હતા.

✓ તેઓ ફ્રાન્સના ઈતહાસમાં સૌથી ઓછી ઉંમરના (39 વર્ષ) રાષ્ટ્રપતિ બન્યા.

❖ **દિલ્હી પંજાબ વચ્ચે આરોગ્ય, શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જ્ઞાન વહેંચણી કરાર**

✓ દિલ્હી અને પંજાબ સરકારે આરોગ્ય, શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જ્ઞાન વહેંચણી કરાર પર હસ્તાક્ષર કર્યા

✓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા આ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- ✓ આ કરાર અંતર્ગત પંજાબમાં AAP સરકાર 117 શાળાઓ અને મોહલ્લા ક્લિનિક સ્થાપિત કરશે.
- ✓ આપ (AAP)ના રાષ્ટ્રીય કન્વિનર અને દિલ્હીના CM અરવિંદ કેજરીવાલના મતે નોલેજ શેરિંગ એગ્રીમેન્ટ એ ભારતના ઈતિહાસમાં સરકારો વચ્ચે જ્ઞાનની વહેંચણી માટે થયેલ ઐતિહાસિક કરાર છે.

## ❖ વિશ્વની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ કેન તનાકાનું નિધન

- ✓ વિશ્વની સૌથી વયોવૃદ્ધ વ્યક્તિ કેન તનાકાનું 119 વર્ષની ઉંમરમાં જાપાન ખાતે નિધન.
- ✓ તેમનો જન્મ 2 જાન્યુઆરી 1903 ના રોજ થયો હતો.
- ✓ તેઓ જાન્યુઆરી 2019માં 116 વર્ષ 28 દિવસની ઉંમર સાથે સૌથી વયોવૃદ્ધ જીવિત વ્યક્તિ બન્યા હતા.
- ✓ અત્યાર સુધીમાં નોંધાયેલી બીજા નંબરની સૌથી મોટી વયોવૃદ્ધ વ્યક્તિ કેન તનાક છે. જ્યારે પ્રથમ નંબરે નોધાયેલ વ્યક્તિ જીન કૈલમેંટ (122 વર્ષ) છે.

## ❖ એલન મસ્કે 44 અરબ ડોલરમાં ટ્વીટરનું અધિગ્રહણ કર્યું

- ✓ ટ્વિટરે પોતાની સોશિયલ મીડિયા કંપનીને વિશ્વના સૌથી અમીર વ્યક્તિ એલન મસ્કને વેચવાની જાહેરાત કરી.
- ✓ આ અધિગ્રહણ હેઠળ મસ્ક અંદાજે $ 44 બિલિયન ડોલર ચૂકવશે જેનું શેર મૂલ્ય $ 54.20 થશે.
- ✓ ટ્વિટર એ અમેરિકી માઈક્રોબ્લોગિંગ અને સોશિયલ નેટવર્કિંગ સેવા છે જેની સ્થાપના 2006માં Jack Dorsey, biz stone, Evan Williams, noah glass દ્વારા સાનફ્રાન્સિસ્કો ખાતે કરવામાં આવી હતી.

## ❖ 26 એપ્રિલ: વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ

- ✓ World Intellectual Property Day.
- ✓ વિશ્વ બૌધ્ધિક સંપદા સંગઠન (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની સ્થાપના કરવામાં આવી.
- ✓ વર્ષ 1970ની 26 એપ્રિલના એક સંમેલન મળ્યું જેમાં વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠનની સ્થાપના કરવામાં આવી અને એ દિવસની યાદમાં આ દિવસ મનાવાય છે.
- ✓ વર્ષ 2022ની થીમ - 'IP એન્ડ યુથ: ઇનોવેટિંગ ફોર બેટર ફ્યુચર'.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ એ. કે. સૂદ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર (PSA - Principal scientific advisor) તરીકે નિયુક્ત.



Crack GPSC

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદમાં આદિવાસી મહાસંમેલનમાં 22,000 કરોડની યોજનાઓ અમલમાં મૂકી જેમાં નર્મદા નદી બેસીન તથા 66 kv ઘોડિયા સબ સ્ટેશન, પંચાયત ઘર અને આંગણવાડી નવનિર્મિત ઈમારતોનો સમાવેશ થાય છે.
- ✓ બબીતા સિંહ વૈશ્વિક શાંતિ રાજદૂત 2022 તરીકે સન્માનિત તથા ગ્લોબલ પીસ એમ્બેસેડર નિયુક્ત.
- ✓ પૈટ્રિક અચી ફરીથી આઈવરી કોસ્ટ (પ. આફ્રિકાનો દેશ) ના વડાપ્રધાન નિયુક્ત થયા. આઇવરી કોસ્ટની રાજધાની યામૂસોક્રો તથા ચલણ પશ્ચિમ આફ્રિકન CFA ફ્રેંક છે.

## 27 એપ્રિલ

**❖ જામતાડા (ઝારખંડ) દરેક ગામમાં પુસ્તકાલય ધરાવતો દેશનો પ્રથમ જિલ્લો બન્યો**

- ✓ આઠ લાખની વસતી ધરાવતા આ જીલ્લામાં 6 તાલુકાની 118 ગ્રામ પંચાયતોમાં પુસ્તકાલયો સ્થાપિત કરવામાં આવ્યાં.
- ✓ આ પુસ્તકાલયને વિદ્યાર્થીઓ માટે ખાસ સવારે 9 થી સાંજના 5 સુધી ખુલ્લાં રખાશે.
- ✓ પુસ્તકાલયોમાં કરિયર પરામર્શ સત્રનું નિ:શુલ્ક આયોજન કરાશે.

**❖ તમિલનાડુ સરકારની અલ્પસંખ્યક અધિકાર દિવસ ઉજવવાની જાહેરાત**

- ✓ તમિલનાડુ સરકારે દર વર્ષે 18 ડિસેમ્બરના રોજ અલ્પસંખ્યક અધિકાર દિવસ મનાવવાની જાહેરાત કરી.
- ✓ આ સાથે સરકાર ગ્રામીણ ક્ષેત્રના અલ્પસંખ્યક વિદ્યાર્થીઓ માટે ધો 3થી 5માં રૂ. 500 અને ધોરણ 6 માં રૂ. 1000ની સહાય ચૂકવશે.

**❖ ભારતમાં 78,220 રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો ગિનિસ રેકોર્ડ**

- ✓ ગૃહ મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં જગદીશપુરના દુલેર ગ્રાઉન્ડ ખાતે આયોજિત વીર કુંવરસિંહ વિજયોત્સવમાં આ રેકોર્ડ સ્થાપિત કરાયો.
- ✓ જગદીશપુર (બિહાર)ના તત્કાલીન રાજા વીર કુંવરસિંહની જીત પરની શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં આ ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા.

**❖ 'મિસાઈલ લાઈફ' પુસ્તક**

- ✓ સાતમા ચીન એરોસ્પેસ દિવસના અવસર પર બીજિંગે આ પુસ્તકનું વિમોચન કર્યું.
- ✓ આ પુસ્તક 12 ચીની મિસાઈલ ડિરેક્ટર્સ અનેએક્સપર્ટસના જીવન અંગે માહિતી પ્રદાન કરે છે.

**❖ મેઘાલય સરકારે સંગીત પરિયોજના અમલમાં મૂકી**

- ✓ મેઘાલય સરકારે સંગીત પ્રતિભાઓને ઓળખવા તથા તેમને પ્રોત્સાહિત કરવા માટે તથા કલાકારોને મંચ આપવા માટે આ યોજના અમલમાં મૂકી.
- ✓ CM કોનરાડ સંગમાએ લૂ મજાવને 'લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ' આપતી વખતે આ યોજના અમલમાં મૂકી.
- ✓ લૂ મજાવ સંગીત ક્ષેત્રની જાણીતી હસ્તી છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ વેસ્ટ ઇન્ડીઝના ઓલ રાઉન્ડર કીરોન પોલાર્ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ જાહેર કર્યો.
- ✓ એશિયન કુસ્તી ચેમ્પિયનશિપમાં અંશુ મલિક અને રાધિકાએ સિલ્વર મેડલ મેળવ્યા.
- ✓ નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.
- ✓ RBIએ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા (CBI)ને 36 લાખનો દંડ ફટકાર્યો.
- ✓ ટોરેન્ટ પાવરે સ્કાઇપાવર સાઉથ ઈસ્ટ એશિયા પાસેથી તેલંગાણા ખાતેનો 50 મેગાવોટનો પાવર પ્લાન્ટ ખરીધો.
- ✓ ભારત સરકારે કૃષિ પરના રાષ્ટ્રીય સંમેલન ખરીફ અભિયાન 2022માં 328 મેટ્રીક ટન અન્ન ઉત્પાદનના લક્ષ્યાંકની ઘોષણા કરી.
- ✓ RBIએ મણપ્પુરમ ફાઇનાન્સને 17 લાખનો દંડ ફટકાર્યો.

***કોઇપણ પરીક્ષા માટે આ બુક્સ વાંચવાનું ન ચૂકશો:***

*એક બુક બધી પરીક્ષાઓ કન્સેપ્ટ મુજબ*

*કોઇપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી, પોતાની નોટ્સ ઉપરાંત, NCERT, નેશનલ લેવલની બુક્સ અને પરીક્ષાઓને ધ્યાને રાખીને એમ. કે. પ્રજાપતિ (ડેપ્યુટી કલેક્ટર) દ્વારા વિધાર્થીઓ માટે ફ્રી લખવામાં આવેલ, ઓછા સમયમાં વધુ સારી અને ઊંડાણપૂર્વક તૈયારી માટે, નવી પરીક્ષા પદ્ધતિ મુજબના ફેરફાર સાથેની **બેસ્ટ બુક્સ -***

**કલાસ 1, 2, 3 ઓફિસર્સ માટે -** *1. ભારતનો ઈતિહાસ 2. આધુનિક ભારતનો ઈતિહાસ, 3. ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ, ફાસ્ટ ટ્રેક બંધારણ*

**કલર્ક, તલાટી, કોન્સ્ટેબલ, ગ્રામ સેવક, મુખ્ય સેવિકા માટે -** માસ્ટર જીકે, ગુજરાત જીકે, *ફાસ્ટ ટ્રેક બંધારણ, ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ*

***ઈતિહાસ માટે** - 1. ભારતનો ઈતિહાસ 2. આધુનિક ભારતનો ઈતિહાસ, 3. ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ*

***બંધારણ માટે** - ફાસ્ટ ટ્રેક બંધારણ*

લિંક : https://bit.ly/crkgpsc

**28 એપ્રિલ**

- **23થી 30 એપ્રિલ: રાષ્ટ્રીય વિશ્વ રસીકરણ જાગૃતિ સપ્તાહ**
  - ✓ National Immunization Awarness Week.
  - ✓ આ સપ્તાહ WHO (world Health Organization) દ્વારા મનાવાય છે.
  - ✓ આ ઉજવણી ઉદ્દેશ્ય તમામ ઉંમરના લોકોમાં રસીકરણના મહત્વને ઉજાગર કરવાનો છે.
  - ✓ વર્ષ 2022 ની થીમ : સૌના માટે લાંબુ જીવન.
  - ✓ પ્રથમ વખત 1796માં શીતળાની રસી આપવામાં આવી હતી.
- **પલ્લી ભારતની પ્રથમ 'કાર્બન ન્યુટ્રલ પંચાયત'**
  - ✓ જમ્મુ-કાશ્મીરના સાંબા જીલ્લાની પલ્લી પંચાયત ભારતની પ્રથમ 'કાર્બન ન્યુટ્રલ પંચાયત' બની.
  - ✓ અહીં એપ્રિલ 2022માં વડાપ્રધાન મોદીએ 500 kvના સોલર પાવર પ્લાન્ટનું અનાવરણ કર્યું.
  - ✓ કેન્દ્ર સરકારના 'ગ્રામ ઊર્જા સ્વરાજ' કાર્યક્રમ હેઠળ મોડેલ પંચાયતનાં 340 ઘરોમાં કુલ 6408 વર્ગ મીટર વિસ્તારમાં 1500 સોલર પેનલો લગાવીને સ્વચ્છ ઊર્જા પ્રાપ્ત કરવામાં આવે છે.
- **ભારત અને માલદીવ ટ્રાન્સમિશન ઇન્ટરકનેક્શનસ સ્થાપિત કરશે**
  - ✓ કેન્દ્રીય ઊર્જા અને નવીનીકરણીય ઊર્જા મંત્રી આર. કે. સિંહ અને માલદીવના પર્યાવરણ, જળવાયુ પરિવર્તન અને પૌદ્યોગિક મંત્રી અમિનાથ શૌનાની મુલાકાતમાં આ કરારો થયા.
  - ✓ બંને નેતાઓએ ઊર્જા સહયોગ તથા એક સૂર્ય, એક દુનિયા, એક ગ્રિડ એમ અલગ-અલગ બે યોજનાઓમાં સહયોગ માટે હસ્તાક્ષર કર્યાં.
  - ✓ બંનેએ નવીનીકરણ ઊર્જા (પુનઃ પ્રાપ્ય ઊર્જા)ની આપ-લે માટે ટ્રાન્સમિશન ઇન્ટરકનેક્શનની સ્થાપનાને મંજૂરી આપી.

Crack GPSC

❖ **નેટફ્લિક અને સૂચના તથા પ્રસારણ મંત્રાલય વચ્ચે કરાર**

- ✓ 'વીમેન-ચેંજ-મેકર્સ' નામની લઘુ વિડિયો શ્રેણીના પ્રસારણ માટે આ કરાર કરાયા.
- ✓ 2022ના સ્વતંત્રતા દિન સુધીમાં અંદાજે 30 વિડિયો પ્રસારિત કરાશે જે સ્ત્રીઓના વિવિધ ક્ષેત્રોમાં બાહ્ય સીમાઓને તોડીને અપાયેલ યોગદાન પર આધારિત હશે.

❖ **28 એપ્રિલ: કાર્યસ્થળ પર સુરક્ષા અને સ્વાસ્થ્ય માટેનો વિશ્વ દિવસ**

- ✓ World day for Safety and Health at Work.
- ✓ આ દિવસ વિશ્વ સ્તરે વ્યાવસાયિક દુર્ઘટનાઓ અને બિમારીઓને અટકાવવાના ઉદ્દેશ્યથી મનાવાય છે.
- ✓ 2022 ની થીમ - 'એક્ટ ટુગેધર ટુ બિલ્ડ અ પોઝિટીવ હેલ્થ એન્ડ સેફ્ટી ફીચર'.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ભારત 4 સયુંકત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC) સમિતિ - સામાજિક વિકાસ આયોગ, ગૈર સરકારી સંગઠન સમિતિ, વિકાસ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક આયોગ, સામાજિક, આર્થિક અને સંસ્કૃતિ અધિકારી સમિતિમાં ચૂંટાઈ આવ્યું.
- ✓ ન્યુઝીલેન્ડના ક્રિકેટર હામિશ બેનેટે તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.
- ✓ RBIએ એક્સિસ બેંકને 93 લાખ અને આઈડીબીઆઈ બેંકને 90 લાખનો દંડ ફટકાર્યો.
- ✓ ગૌતમ અદાણી (123.7 અરબ ડોલર) વોરેન બફેટને પાછળ છોડી (121.7 અરબ ડોલર) વિશ્વના 5મા અમીર વ્યક્તિ બન્યા.


▪ **જાણો છો?**

- ✓ **PSIની પરીક્ષામાં 100% કરન્ટ અફેર્સ પૂછાયું હતું Crack GPSC મોબાઈલ એપમાંથી.**
- ✓ **પરીક્ષા કોઈ પણ હોય, Current Affairs તો Crack GPSCનું.**
- ✓ **કરો Current Affairsની સંપૂર્ણ અને સચોટ તૈયારી મોબાઈલ પરથી જ.**
- ✓ **ઓછું વાંચવું પડે અને 100% કરન્ટ અફેર્સ આવે, તેના માટે અક્સીર દવા.**
- ✓ **વિદ્યાર્થીઓને માખણ જેવું કન્ટેન્ટ ફ્રી આપવા બદલ Special Thanks - એમ. કે. પ્રજાપતિ (Deputy Collector).**
- ✓ **ભૂલ ન કરશો, ડાઉનલોડ ન કરી હોય તો આજે જ ડાઉનલોડ કરી લો Crack GPSC મોબાઈલ એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.**
- ✓ **લિંક :** https://bit.ly/crkgpsc

29 એપ્રિલ

## ❖ વિશ્વ અર્થ દિવસ અંતર્ગત રેડ ડેટા બુકનો અહેવાલ

- ✓ આજથી 10 હજાર વર્ષ પહેલાં પૃથ્વી ઉપર 600 કરોડ હેક્ટર એટલે કે 57% હિસ્સા પર જંગલો હતાં. જે હવે માત્ર 400 કરોડ હેક્ટર બચ્યાં છે.
- ✓ IUCN રેડ ડેટા બુકમાં સામેલ 1,42,500 પ્રજાતિઓમાંથી 40,000 સામે વિલુપ્ત થવાનો ખતરો છે.
- ✓ આ પ્રજાતિઓમાં સૌથી વધારે ઉભયજીવી (એમ્ફિબિયન) 41% છે. જ્યારે અત્યાર સુધીમાં સ્તનધારી, માછલીઓ, ઉભયજીવી, સરિસૃપ અને પક્ષીઓની 900 જેટલી પ્રજાતિ દુનિયામાંથી વિલુપ્ત થઇ ગઈ છે.

## ❖ દૂધવાણી રેડિયો સ્ટેશન - બનાસ ડેરી

- ✓ બનાસ ડેરીએ દિયોદરના સણાંદર ખાતે દૂધવાણી કોમ્યુનિટી રેડિયો સ્ટેશનની શરૂઆત કરી. જે ભારતમાં દૂધ ઉત્પાદન માટેનું સૌપ્રથમ રેડિયો સ્ટેશન છે.
- ✓ આ રેડિયો સ્ટેશનથી સૌપ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું.
- ✓ બનાસ ડેરી સ્થાપિત, દૂધવાણી 90.4 નામનો રેડિયો માત્ર પશુપાલન ક્ષેત્રને સમર્પિત છે.
- ✓ બનાસ ડેરીના ચેરમેન - શંકરભાઈ ચૌધરી.

## ❖ CBSEના અભ્યાસક્રમમાં ફેરફાર

- ✓ નવા શૈક્ષણિક વર્ષથી ધો 11 અને 12ના હિસ્ટ્રી અને પોલિટીકલ સાયન્સના અભ્યાસક્રમમાંથી જૂથનિરપેક્ષ આંદોલનો, શીત યુદ્ધનો સમયગાળો, આફ્રિકન-એશિયન ક્ષેત્રોમાં ઇસ્લામી સામ્રાજ્યનો ઉદય, મોગલ દરબારોનો ઈતહાસ, ઔદ્યોગિક ક્રાંતિનાં પ્રકરણો હટાવાયાં.
- ✓ આ ઉપરાંત ધો 10માંથી ખાદ્ય સુરક્ષા પ્રકરણમાંથી 'કૃષિ પર વૈશ્વિકીકરણની અસર'નો વિષય હટાવવામાં આવ્યો. આ ઉપરાંત ધર્મનિરપેક્ષ રાજ્ય પ્રકરણમાંથી ફૈઝ અહેમદ ફૈઝની ઉર્દૂની બે નઝમના અનુવાદિત અંશો પણ હટાવાયા.

## ❖ હાઇકોર્ટ ચીફ જસ્ટિસ સંમેલન

- ✓ દેશની હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશોનું 39મું સંમેલન 6 વર્ષ બાદ નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટ પરિસરમાં યોજાશે.
- ✓ આ સંમેલનનું અધ્યક્ષ પદ ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા (CJI) એન. વી. રમન્ના સંભાળશે.
- ✓ આ સંમેલનનો ઉદ્દેશ્ય ન્યાયતંત્ર સંબંધિત પ્રશ્નોના ઉકેલ લાવવાનો છે.

## ❖ 29 એપ્રિલ: આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ

CrackGPSC

- ✓ International Dance Day.
- ✓ વિવિધ નૃત્યોને સન્માનિત કરવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવાય છે.
- ✓ આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાની નૃત્ય સમિતિએ 1982થી 29 એપ્રિલને આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસના સ્વરૂપમાં ઉજવવાની શરૂઆત કરી.
- ✓ આ દિવસ આધુનિક બૈલે ડાન્સ ફોર્મના નિર્માતા જીન જોર્જેસ નોવરેના જન્મદિવસનું પ્રતીક છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ઇન્ડિગો ગગન સિસ્ટમથી સફળ લેન્ડિંગ કરનાર પ્રથમ એરલાઇન બની. આ માટે ઈન્ડિગોએ સેટેલાઈટ બેઝ્ડ લેન્ડિંગ સિસ્ટમનો ઉપયોગ કર્યો.
- ✓ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જ્હોન્સને હાલોલ ખાતે બ્રિટિશ કંપની જેસીબીના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ ગુજરાતના વડગામ (પાલનપુર)ના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની આસામ પોલીસે ધરપકડ કરી.
- ✓ ગુગલ પ્લે સ્ટોર થર્ડ પાર્ટી રેકોર્ડિંગ એપ્સ પર પ્રતિબંધ લગાવશે.
- ✓ બ્રાઝિલના બ્રૂસક શહેરમાં 100 વર્ષના વોલ્ટર ઓર્થમૈન પોતાના જીવનનાં 84 વર્ષ એક જ ફેબ્રિક કંપનીમાં કામ કરી ગિનિસ રેકોર્ડ નોંધાવ્યો.
- ✓ નવી દિલ્હીમાં સફદર જંગ એરપોર્ટ પર નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 'યોગપ્રભા' કાર્યક્રમનું આયોજન કર્યું.
- ✓ સૌધેલી (હોંગકોંગ)ની હરાજીમાં વિશ્વનો સૌથી મોટો બ્લુ ડાયમંડ 437 કરોડમાં વેચાયો.
- ✓ વિયેતનામના સોના લા પ્રાંતમાં મોક ચાઉ દ્વીપ પર બનેલો વિશ્વનો સૌથી લાંબો ગ્લાસ બ્રિજ પર્યટકો માટે (632 મીટર લંબાઈ) ખુલ્લો મૂકાયો.

## 30 એપ્રિલ

### ❖ રોબર્ટ ગોલોબ - સ્લોવેનિયાના નવા વડાપ્રધાન

- ✓ રોબર્ટ ગોલોબે જાન્યુઆરી 2022માં પોતાની પાર્ટીની રચના કરી રાજકારણમાં ઝંપલાવ્યું અને વડાપ્રધાન બન્યા.
- ✓ તેમણે સ્લોવેનિયાના ત્રણ વખતના વડાપ્રધાન જનેજ જાનસાને હરાવ્યા.
- ✓ સ્લોવેનિયા મધ્ય યુરોપનો એક દેશ છે જેની રાજધાની જુબ્લજાના છે.
- ✓ બોરુત પહોર સ્લોવેનિયાના રાષ્ટ્રપતિ છે.

- **BOBની નવી સુવિધા 'bob વર્લ્ડ ગોલ્ડ' લોન્ચ**
  - ✓ BOBએ આ નવી મોબાઈલ બેન્કિંગ પ્લેટફોર્મ સુવિધા વરિષ્ઠ નાગરિકો માટે લોન્ચ કરી છે.
  - ✓ આ સુવિધાથી ગ્રાહકને સરળ નેવિગેશન મોટા અક્ષરો સાથેની સ્પષ્ટ માહિતી અને મેન્યૂ તથા રેડી-ટુ-અસિસ્ટ વોયસ બેસ્ડ સર્ચ સર્વિસની સુવિધા ઉપલબ્ધ થશે.
- **GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ)નું ઉદ્ઘાટન**
  - ✓ વડાપ્રધાન મોદીએ સુરતમાં GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ)નું ઉદઘાટન કર્યું.
  - ✓ સરદારધામ, પાટીદાર સમુદાયના સામાજિક-આર્થિક વિકાસને ગતિ આપવા મિશન-2026 અંતર્ગત દર બે વર્ષે GPBSનું આયોજન કરે છે.
  - ✓ GPBS 2022નો વિષય - 'આત્મનિર્ભર કમ્યુનિટી ટૂ આત્મનિર્ભર ગુજરાત એન્ડ ઇન્ડિયા'.
- **ગાય એમ્બ્યુલન્સ - અસમ**
  - ✓ અસમના દિબ્રુગઢ જિલ્લામાં બિમાર અને ઘાયલ ગાયો માટે એમ્બ્યુલન્સ સેવાનું ઉદ્ઘાટન દિબ્રુગઢના ડે. કમિશનર વિશ્વજીત પેગુએ કર્યું.
  - ✓ પૂર્વોતર વિસ્તારમાં આ પ્રકારની પ્રથમ એમ્બુલન્સ સેવા શરૂ થઇ છે.
- **30 એપ્રિલ: World Veternary Day (વિશ્વ પશુ ચિકિત્સા દિવસ)**
  - ✓ દર વર્ષે વિશ્વ પશુચિકિત્સા દિવસ એપ્રિલ માસના છેલ્લા શનિવારે મનાવાય છે જે 2022માં 30 એપ્રિલે મનાવાયો.
  - ✓ આ દિવસનો ઉદ્દેશ્ય પશુ સ્વાસ્થ્ય દેખરેખ માટે જાગૃતિ લાવવાનો તથા પશુ પ્રત્યે થતી ક્રૂરતાને અટકાવવાનો છે.
  - ✓ વિશ્વ પશુ ચિકિત્સા દિવસ વર્ષ 2000માં વિશ્વ પશુ ચિકિત્સા સંઘ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો.
  - ✓ વર્ષ 2022 ની થીમ - 'સ્ટ્રેન્થનિંગ વેટરનરી રેસિલીએન્સ' (પશુ ચિકિત્સા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી)
- **'અમિત શાહ અની ભાજપાચી વત્સલ' પુસ્તકનું વિમોચન**
  - ✓ દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પર લખાયેલા આ પુસ્તકનું વિમોચન કર્યું. જે મરાઠી ભાષામાં લખાયેલું છે.
  - ✓ આ પુસ્તક મૂળ રૂપે ડો. અનીર્બન ગાંગુલી અને શિવાનંદ દ્વિવેદી દ્વારા લખાયું છે જેનો મરાઠીમાં અનુવાદ ડો. જ્યોત્સના કોલ્હાટકરે કર્યો છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ RBIએ રાજકોટ નાગરિક સરકારી બેંક લિમિટેડને રૂ. 12 લાખનો દંડ કર્યો.



Crack GPSC

- ✓ FD (Fix Deposite)ની શરૂઆત માટે એરટેલ પેમેન્ટ્સ બેંકે ઈન્ડસઈન્ડ બેંક સાથે કરાર કર્યા.
- ✓ મનીલા, ફિલીપિન્સ ખાતે બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપ 2022ની શરૂઆત થઇ.
- ✓ ખેલો ઇન્ડિયા યુનિવર્સીટી ગેમ્સમાં 200 મીટર બટરફ્લાય સ્પર્ધામાં આર્યન પંચાલે 2:04:72 મિનિટમાં જીત મેળવી ગોલ્ડ મેળવ્યો.
- ✓ APEDA (Agricultural and Processed Food Products Export Development Authority) દ્વારા AAHAR-2022ની 36મી આવૃત્તિનું આયોજન કરાયું. થીમ - 'જીયોગ્રાફિક્લ ઇન્ડિકેશન પ્રોડક્ટ્સ' રાખવામાં આવી.
- ✓ વર્ષ 2022નો લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડ મેક્સ વેર્સ્ટેપેને જીત્યો.
- ✓ પ્રસાર ભારતીએ પ્રસારણ ક્ષેત્રમાં સહયોગ માટે આર્જેન્ટીનાના બ્રોડકાસ્ટ - આર્જેન્ટીના રેડિયો વાઈ ટેલિવિઝન સાથે સમજૂતી કરી.
- ✓ LICએ રૂ. 902-949 પ્રતિ શેરનો IPO મૂલ્ય બેંડ નિર્ધારિત કર્યો.
- ✓ ભારતીય મહિલા હોકી ટીમના પૂર્વ કેપ્ટન એલ્વેરા બ્રિટોનું નિધન.
- ✓ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર બાંગ્લાદેશ, ભૂતાનના 3 દિવસના પ્રવાસે.
- ✓ રશિયા 2023ની આઇસ હોકી વિશ્વ ચેમ્પિયનશિપની મેજબાની કરશે.


**કોઈપણ પરીક્ષા માટે આ બુક્સ વાંચવાનું ન ચૂકશો....**

**UPSC, GPSC ક્લાસ 1, 2, 3 લેવલની બુક્સ**

- એક બુક બધી પરીક્ષાઓ કન્સેપ્ટ મુજબ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી,
- પોતાની નોટ્સ ઉપરાંત, NCERT, નેશનલ લેવલની બુક્સ અને પરીક્ષાઓને ધ્યાને રાખીને એમ. કે. પ્રજાપતિ (ડેપ્યુટી કલેકટર) દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી લખવામાં આવેલ,
- ઓછા સમયમાં વધુ સારી અને ઊંડાણપૂર્વક તૈયારી માટે,
- નવી પરીક્ષા પદ્ધતિ મુજબના ફેરફાર સાથેની ઈતિહાસ માટેની બેસ્ટ બુક્સ:

1. **ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ, 2. ભારતનો ઈતિહાસ, 3. આધુનિક ભારતનો ઈતિહાસ.**

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરીની તૈયારી કરો

ગુજરાતની નં. 1 એપ સાથે

**CRACK GPSC**

UPSC – GPSC – PI – PSI – Dy. SO / મામલતદાર

બિનસચિવાલય કલર્ક | હેડ કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

ગુજ. શિક્ષણ સેવા - હિસાબી અધિકારી - STI - RAILWAY - મોટર વાહન નિરીક્ષક

RFO | TAT | TET | HTAT




• અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
5,00,000+
યુઝર્સ ધરાવતી ગુજરાતની એકમાત્ર એપ

એક એપ
બધી પરીક્ષાઓ

એપ ડાઉનલોડ કરવા
આ કોડ સ્કેન કરો.

76000 51070

/CrackGPSCexam /CrackGPSC /CrackGPSC /CrackGPSCapp

Crack GPSC

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

# બંધારણ અને રાજવ્યવસ્થા

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

# ભારતીય કલા અને સંસ્કૃતિ

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)

UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

# અર્થશાસ્ત્ર

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
નમ્રતા પ્રજાપતિ
(Bank Employee)

GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય) તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

આ બુક તો વાંચવી જ પડે...

# હું છું 'ગુજરાત'

એક બુક, બધી પરીક્ષાઓ



Crack GPSC easily with...
Crack GPSC

સ્પેશ્યલ થેન્ક્સ
એમ. કે. પ્રજાપતિ 'આહ્નિક'
(ડે. કલેક્ટર)